

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 280
Dt.: 14-08-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


# ખાટુશ્યામથી પાછા ફરતા શ્રદ્ધાળુઓને લઈ જતી પિક અપ અને ટ્રક વચ્ચે ટક્કરઃ ૭ બાળક સહિત ૧૦ના મોત

## પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા છે અને તેમની ઓળખ કરી પરિજનોને જાણ કરવાની કામગીરી હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજસ્થાન

રાજસ્થાનના દૌસામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. ખાટુશ્યામ મંદિરના દર્શન કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને લઈ જતી પિક અપની ટ્રક સાથે ભીષણ ટક્કર થઈ હતી.



આ દરમિયાન ભયાનક અકસ્માતમાં ૧૦ લોકોના મોત નિપજ્યા હતા. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ૭ બાળકો અને ૩ મહિલાઓનો સમાવેશ થાય છે.આ વિશે પોલીસે માહિતી આપતા જણાવ્યું કે, 'ખાટુશ્યામ મંદિરથી આવી રહેલા શ્રદ્ધાળુઓ અકસ્માતનો શિકાર બન્યા હતા. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત નિપજ્યા છે અને ૧૦ જેટલા લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આશરે ૭-૮ લોકોને જયપુરની એસએમએસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે કે, હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા છે અને તેમની ઓળખ કરી પરિજનોને જાણ કરવાની કામગીરી હાથ ધરી છે. આ સિવાય ઘટનાસ્થળે આસપાસના લોકોની પૂછપરછ કરી અકસ્માતનો ગુનો દાખલ કર્યો છે. આ મામલે પીએમ રિપોર્ટ બાદ પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરશે.દૌસાના જિલ્લા કલેક્ટર દેવેન્દ્ર કુમારે કહ્યું કે, 'પ્રાથમિક માહિતી મુજબ, બાપી પાસે એક અકસ્માતમાં ૧૦ લોકોના મોત નિપજ્યા છે. ૯ જેટલા લોકોને સારવાર માટે રાજસ્થાન ખસેડવામાં આવ્યા છે અને ૩ દર્દી જિલ્લાની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ અકસ્માત એક કાર અને એક ટ્રેલર ટ્રક વચ્ચે થયો હતો.'

### કર્ણાટકના MLCના દાવાથી હડકંપ

# મેં ૨૫૦૦ કૂતરાને મારી વૃક્ષો નીચે દફનાવી દીધા

## જો કોઈ રખડતા કૂતરાઓને રસ્તા પરથી દૂર કરવાનો વિરોધ કરે છે, તો સરકારે તેમના ઘરમાં ૧૦-૧૦ કૂતરા છોડી મુકવા જોઈએઃ ભોજેગૌડા

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટક વિધાન પરિષદમાં JDSના મેમ્બર એસએલ ભોજેગૌડા (JDS) એ મંગળવારે સદનમાં ચોંકાવનારું નિવેદન આપતાં કહ્યું કે, જ્યારે તેઓ ચિક્કામગલુરુ નગર પાલિકા પ્રમુખ હતા, ત્યારે તેમણે ૨,૫૦૦ રખડતા કૂતરાઓને મારીને ઝાડ નીચે દફનાવી દીધા હતા.

ગૃહમાં રખડતા કૂતરાઓના મુદ્દા પર ચર્ચા કરતી દરમિયાન ભોજેગૌડાએ કહ્યું, નગર પરિષદના પ્રમુખ તરીકેના મારા કાર્યકાળ દરમિયાન અમે ૨,૫૦૦ કૂતરાઓને મારીને ઝાડ નીચે દફનાવી દીધા હતા જેથી તેઓ કુદરતી ખાતર બની શકે. નોંધનીય છે કે, ભોજેગૌડા ઘણા વર્ષોથી વિધાન પરિષદના સભ્ય છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે અત્યાર સુધીમાં કર્ણાટકમાં ૨.૪ લાખ કૂતરા કરડવાના કેસ નોંધાયા છે. આ સાથે હડકવાથી ૧૯ લોકોના મોત થઈ ચૂક્યા છે. મ્યુનિસિપલ વહીવટ મંત્રી રહીમ ખાને કહ્યું કે, વર્તમાન નિયમો માત્ર રખડતા કૂતરાઓને નસબંધી અને રસીકરણની મંજૂરી આપે છે, તેમને મારવાની નહીં.

ભોજેગૌડાએ વધુમાં કહ્યું, જો કોઈ રખડતા કૂતરાઓને રસ્તા પરથી દૂર કરવાનો વિરોધ કરે છે, તો સરકારે તેમના ઘરમાં ૧૦-૧૦ કૂતરા છોડી મુકવા જોઈએ. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું છે કે, રખડતા કૂતરાઓને ખતરનાક માનીને તેમને દૂર કરવા એ શાસન નથી, પરંતુ ક્રૂરતા છે. તેમની આ ટિપ્પણી સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે શેરીઓમાંથી બધા જ રખડતા કૂતરાઓને કાયમી ધોરણે આશ્રયસ્થાનોમાં ખસેડવાનો નિર્દેશ આપ્યા પછી આવી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રખડતા કૂતરા કરડવાથી હડકવાનું જોખમ રહેલું છે, ખાસ કરીને બાળકોમાં જે ખૂબ જ ગંભીર સ્થિતિ છે.

સિદ્ધારમૈયાએ સોશિયલ મીડિયા X પર મંગળવારે એક પોસ્ટ લખી હતી કે, રખડતા કૂતરાઓને ઉપદ્રવી માનીને હટાવવા એ શાસન નથી, પરંતુ ક્રૂરતા છે. માનવીય સમાજ એવા ઉકેલો શોધો છે, જે લોકો અને પ્રાણીઓનું રક્ષણ કરે છે. જેમાં નસબંધી, રસીકરણ અને સમુદાય સંભાળ કાર્ય કરે છે. ભય આધારિત પગલાં ફક્ત દુઃખમાં વધારો કરે છે, રક્ષણ નહીં.

મુખ્યમંત્રીની આ પોસ્ટ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની એ પોસ્ટના જવાબમાં આવ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે દિલ્હી-એનસીઆરમાંથી બધા રખડતા કૂતરાઓને દૂર કરવાનો સુપ્રીમ કોર્ટનો નિર્દેશ દાયકાઓ જૂની માનવીય અને વિજ્ઞાન-સમર્થિત નીતિથી એક પગલું પાછળ છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે,રખડતા કૂતરાઓને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્દેશ ક્રૂર, ટૂંકી દૃષ્ટિ અને કરુણાનો અભાવ દર્શાવે છે.

### વેપાર સંબંધો મુદ્દે કરશે મહત્ત્વની ચર્ચા

# ટ્રમ્પની ટેરિફ ધમકી વચ્ચે એસ. જયશંકર રશિયા જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા સાથે વેપાર કરવા બદલ ભારત પર ૫૦ ટકા ટેરિફનો બોમ્બ ફોડ્યા બાદ ભારત અને રશિયા વચ્ચેના સંબંધો વધુ ગાઢ બની રહ્યા છે. તાજેતરમાં, ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે રશિયાની મુલાકાત લીધી હતી. તેઓ મોસ્કોમાં રશિયન પ્રમુખ પુતિન સહિત અન્ય ટોચના નેતાઓને મળ્યા હતા. હવે સમાચાર આવ્યા છે કે ભારતીય વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર પણ ટૂંક સમયમાં રશિયાની મુલાકાત લેશે અને ત્યાં રશિયન વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવને મળશે.



રશિયન વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પર શેર કરેલી એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર અને રશિયન વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવ ૨૧ ઓગસ્ટે મોસ્કોમાં મળશે. આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય માળખા હેઠળ ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સહયોગ પર ચર્ચા કરવામાં આવશે. આ સાથે, બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો પર પણ ચર્ચા કરવામાં આવશે. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આ વર્ષના અંતમાં ભારતની મુલાકાત લઈ શકે છે. આવી સ્થિતિમાં, બંને નેતાઓની બેઠકમાં પુતિનની મુલાકાતની તૈયારીઓ પર પણ ચર્ચા થઈ શકે છે. વિદેશ મંત્રી જયશંકરની રશિયાની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત અને અમેરિકા વચ્ચેના તણાવ સર્જાયો છે. આ તણાવ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદવાના નિર્ણય બાદથી વધ્યો છે. અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા અને કથિત રીતે યુક્રેન યુદ્ધને પ્રોત્સાહન આપવા બદલ ભારત પર ટેરિફ લાદ્યો છે. ઉપરાંત, અમેરિકન સરકાર આ દિવસોમાં પાકિસ્તાન સાથે નિકટતા વધારવામાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં, ભારત પણ તેના તમામ વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની રશિયા મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે લશ્કરી તકનીકી સહયોગ સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી. ભારતમાં રશિયન દૂતાવાસે એક નિવેદન જારી કરીને આ માહિતી આપી હતી. આ સાથે, નાગરિક વિમાન ઉત્પાદન, ધાતુ ઉદ્યોગ અને રાસાયણિક ઉદ્યોગ જેવા અન્ય વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સંયુક્ત પ્રોજેક્ટ્સ લાગુ કરવા પર પણ વાતચીત કરી હતી.

# બિહારમાં SIR ની પ્રક્રિયા મતદાતા વિરોધી નથીઃ સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે બુધવારે બિહારમાં ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી રહેલા SIR પ્રક્રિયાને પડકારતી અરજી પર સુનાવણી હાથ ધરી છે. આ સુનાવણી જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની ખંડપીઠે હાથ ધરી હતી. સુનાવણી દરમિયાન જસ્ટિસ બાગચીએ અરજદારના વકીલને કહ્યું કે, અમે સમજી રહ્યા છીએ કે, તમે આધાર વિશે વાતી કરી રહ્યા છો... ઓળખ પત્રોની સંખ્યા વધારવી વોટર ફ્રેન્ડલી પગલું છે અને આ એક્સક્લુઝનરી (બાકાત રાખવું) પગલું નથી. પહેલાં ૭ દસ્તાવેજ માન્ય હતા, હવે ૧૧ છે, જેનાથી લોકો પાસે વધુ વિકલ્પ હશે.

કેસની સુનાવણીમાં સામેલ જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, જો કોઈ કહે છે કે, તમામ ૧૧ દસ્તાવેજ જરૂરી છે, તો આ એન્ટી-વોટર હશે. પરંતુ, જો એવું કહેવામાં આવે કે, ૧૧ વિશ્વસનીય દસ્તાવેજોમાંથી કોઈ પણ આપો તો?

ન્યાયાધીશની ટિપ્પણી બાદ અરજદારના વકીલ અભિષેક મનુ સિંઘવીએ જસ્ટિસ બાગચીની ટિપ્પણી પર કહ્યું કે, હું તેમનાથી સંમત છું પરંતુ આ એક્સક્લુઝનરી છે. (૧) આધાર સામેલ નથી- આ એક્સ્ક્લુઝનરી છે. આ એવો દસ્તાવેજ છે, જેનું કવરેજ સૌથી વધું છે. (૨) પાણી, વીજળી, ગેસ કનેક્શન- આમાં (માંગવામાં આવેલા ડોક્યુમેન્ટ્સ)માં પણ સામેલ નથી. (૩) ઈન્ડિયન પાસપોર્ટ- ૧-૨%થી ઓછું કવરેજ છે. સંખ્યાના સંદર્ભમાં પ્રભાવિત કરવા માટે તેને અકબંધ રાખવામાં આવ્યું છે. પરંતુ, સ્વભાવથી આ ન્યૂનતમ કવરેજ ધરાવતો દસ્તાવેજ છે. (૪) અન્ય તમામ દસ્તાવેજોનું કવરેજ ૦-૨-૩% વચ્ચે છે. જો કોઈની પાસે જમીન નથી, તો દસ્તાવેજ ૫,૬,૭ બહાર છે. મને નવાઈ લાગે છે કે, બિહારમાં કેટલા લોકો તેના માટે યોગ્ય હશે? બિહારમાં નિવાસ પ્રમાણ પત્ર હાજર નથી. ફોર્મ ૬ માં ફક્ત સેલ્ફ ડિક્લેરેશનની જરૂર હોય છે.આ મુદ્દે જ્યારે મનુ સિંઘવીને પૂછવામાં આવ્યું કે, તમને શું તકલીફ છે? ત્યારે વકીલ સંઘવીએ કહ્યું કે, મને કોઈ તકલીફ નથી, પરંતુ ચૂંટણીના અમુક મહિનાઓ પહેલાં કેમ? બાદમાં કરાવો, આખું વર્ષ લાગી જશે. ચૂંટણી પંચ ૧૧ દસ્તાવેજોને ટાંકીને લોકોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે... ૩ દસ્તાવેજના સોર્સ તેમને નથી ખબર, બાકીના ૨ શંકાસ્પદ અને અપ્રાસંગિક છે... આ ૧૧ લિસ્ટ જુગારના પાના જેવી છે. જે વીજળી, પાણી અને આધારના બિલોની જગ્યા લે છે.

એડવોકેટ મનુ સિંઘવીએ કહ્યું કે, ચૂંટણી પંચે નાગરિકતા પ્રમાણના મુદ્દે ૧૮૦ ડિગ્રીનો યુટર્ન લઈ લીધો છે.

કોઈને નાગરિક ન માનવા માટેનું પહેલાં કોઈ વાંધો ઉઠાવનાર હોવું જોઈએ. બાદમાં ERO નોટિસ આપશે અને જવાબ માટે સમય આપશે. આટલા મોટા જ્યુડિશિયલ ટાસ્કને બે મહિનામાં પૂરો કેવી રીતે કરશે? મારી સલાહ છે કે, SIR ડિસેમ્બરથી શરૂ કરી એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવે, કોઈપણ તેની વિરોધમાં નથી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ રસપ્રદ છે કે, સરહદી વિસ્તારોમાં રહેતા લોકો પાસે પાસપોર્ટ છે. પંજાબમાં પણ જોવા મળ્યું છે કે, લોકો પાસપોર્ટ બનાવડાવે છે. આ મુદ્દે સિંઘવીએ વાંધો ઉઠાવ્યો કે, મેટ્રિક્યુલેશન સર્ટિફિકેટના આંકડા ૨૦૦૫-૨૦૨૫ વચ્ચે કેમ આપવામાં આવી રહ્યા છે? જોકે, આ સમયગાળામાં કરનારા તમામ વોટર ન હોય શકે.

સિંઘવીના આ જવાબ પર કોર્ટે કહ્યું કે, સર્ટિફિકેટ એ જ વર્ષે પાસ કરનારાઓને આપવામાં આવે છે, તેથી આ સમકાલિન છે. બિહારને ઓછું ન આંકવું જોઈએ, IAS અને IFSમાં બિહારનું પ્રતિનિધિત્વ સૌથી વધુ છે.

### જમ્મુ-કાશ્મીરના ઉરીમાં LoC પર અથડામણ

# અથડામણમાં એક આતંકી ઠાર, ગોળીબારમાં એક જવાન શહીદ

## ઘૂસણખોરીની આશંકા વચ્ચે એલર્ટ મોડ પર જવાન

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

સ્વતંત્રતા દિવસના બે દિવસ પહેલા સુરક્ષા દળોએ ઉત્તર કાશ્મીરના ઉરી સેક્ટરમાં નિયંત્રણ રેખા (LoC) પર ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. જો કે, આ દરમિયાન ગોળીબારમાં એક જવાન શહીદ થઈ ગયો છે. આ એન્કાઉન્ટરમાં એક આતંકી પણ ઠાર થયો હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, બુધવારે જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં નિયંત્રણ રેખા (LoC) પર સેનાએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો જેમાં એક સૈનિક શહીદ થઈ ગયો. સૈનિકોએ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરીના ચુરુન્ડા વિસ્તારમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. ગત મંગળવારે બીએસએફ કાશ્મીર ફ્રન્ટિયરના ઈન્સ્પેક્ટર જનરલ અશોક યાદવે જણાવ્યું હતું કે, પાકિસ્તાન સતત જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની ઘુસણખોરી કરાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઉત્તર કાશ્મીરમાં નિયંત્રણ રેખા પાર લોન્ચિંગ પેડ્સ પર આતંકવાદીઓની ગતિવિધિઓ વધી રહી છે, પરંતુ બીએસએફે અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં રહીને ઘૂસણખોરીના દરેક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. બાંદીપોરામાં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત ૭૯ કિલોમીટર લાંબી સાયકલ રેલીને લીલી ઝંડી આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે, બીએસએફ અને સેના ઘૂસણખોરીને રોકવા માટે સંયુક્ત રણનીતિ હેઠળ કામ કરી રહી છે. અમે સેના સાથે મળીને કામ કરીએ છીએ અને કોઈપણ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવા માટે અમારા પ્રયાસોનું સંકલન કરીએ છીએ. આ હેતુ માટે નિયમિતપણે સંયુક્ત ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પાકિસ્તાનની ગતિવિધિઓ અંગે બીએસએફ કાશ્મીર આઈજીએ પુનરોચ્ચાર કર્યો કે, પડોશી દેશના આતંકવાદીઓને મોકલવાના પ્રયાસો ચાલુ જ છે.

# જબલપુરમાં લૂંટારુઓએ ૧૮ મિનિટમાં ૧૪ કરોડનું સોનું લૂંટ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્યપ્રદેશના જબલપુરમાં પાંચ લૂંટારુઓ બેન્ક પર ત્રાટક્યા હતા અને ફક્ત ૧૮ મિનિટમાં જ ૧૪ કરોડના સોનાની અને પાંચ લાખ રૂપિયા રોકડાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. તેમની આ ચીલઝડપ ફક્ત જબલપુરમાં જ નહીં મધ્યપ્રદેશમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. આશ્ચર્યની વાત એ છે કે બેંકે ૪૫ મિનિટ પછી ચોરીની જાણ કરી હતી અને બેંકમાં ચાર વર્ષથી એક સિક્યોરિટી ગાર્ડ પણ નથી.

સિક્યોરિટી ગાર્ડ વગરની બેંકના કારણે આ લૂંટારુઓને રીતસરનું મોકળું મેદાન મળી ગયું હતું. જાણે આકડે મધ હોય તેવી સ્થિતિ હતી.

લૂંટારુઓ બેંકની ખિતોલા બ્રાન્ચમાં સોમવારે સવારે ૮-૫૦ વાગે આવ્યા ત્યારે ફક્ત છ કર્મચારી જ બેન્કમાં હતા. ૯-૦૮ વાગે તો બેંક લૂંટી ભાગી ગયા હતા.

લૂંટારુઓ બે મોટરસાઈકલ પર આવ્યા હતા. સીસીટીવીમાં ચહેરો ન આવે તે માટે તેમણે હેલમેટ પહેર્યા હતા. તેમણે આ રીતે બતાવ્યું હતું કે હેલ્મેટ આ રીતે પણ જરૂરી છે. તેઓએ લોકરોમાં રાખેલું ૧૪.૮૭૫ કિ.ગ્રા. ગોલ્ડ લૂંટયું હતું અને પાંચ લાખ રોકડા લૂંટયા હતા.

# DRDO નો ગેસ્ટ હાઉસ મેનેજર પાકિસ્તાની ISI માટે જાસૂસી કરતો પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)ના ગેસ્ટ હાઉસના મેનેજર મહેન્દ્ર પ્રસાદની પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. તે પાકિસ્તાનને ગુપ્ત માહિતી મોકલી રહ્યો હતો. રાજસ્થાન CID ઈન્ટેલિજન્સે મંગળવારે જેસલમેરના ચાંદન ફિલ્ડ ફાયરિંગ રેન્જ પાસે આવેલા DRDOના ગેસ્ટ હાઉસમાંથી મેનેજરની ધરપકડ કરી. મોબાઈલની તપાસ બાદ તેની સામે ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપ છે કે મહેન્દ્ર પ્રસાદ ISI માટે જાસૂસી કરતો હતો અને ગુપ્ત જાણકારી પાકિસ્તાન મોકલતો હતો. આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે.

૩૨ વર્ષનો મહેન્દ્ર પ્રસાદ, મૂળ ઉત્તરાખંડના અલમોડા જિલ્લાના પલ્યુન ગામનો રહેવાસી છે. તે ડીઆરડીઓના ગેસ્ટ હાઉસમાં મેનેજર તરીકે કામ કરતો હતો. તેના પર ભારતની ગુપ્ત અને વ્યૂહાત્મક જાણકારી પાકિસ્તાનને મોકલવાનો આરોપ છે. તે ડીઆરડીઓના ગેસ્ટ હાઉસમાં કરાર આધારિત કર્મચારી હતો.

સ્વતંત્રતા દિવસના રાજ્ય કક્ષાના કાર્યક્રમો પહેલા, CID ઈન્ટેલિજન્સ સંભવિત રાષ્ટ્રવિરોધી અને વિધ્વંસક પ્રવૃત્તિઓ પર નજર રાખી રહી હતી. એવામાં જ્યારે રાજસ્થાન CID ઈન્ટેલિજન્સે પોતાની દેખરેખ વધારી ત્યારે તેની આ ગતિવિધિ પકડાઈ હતી. જાણવા મળ્યું કે તે સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની ગુપ્તચર એજન્સીના સંપર્કમાં હતો.

મહેન્દ્ર પ્રસાદ કથિત રીતે DRDOના વૈજ્ઞાનિકો અને ભારતીય સેનાના અધિકારીઓની ગતિવિધિઓ વિશેની સંવેદનશીલ માહિતી, તેમજ મિસાઈલો અને હથિયારોનું પરીક્ષણ જ્યાં થાય છે તે ચાંદન ફિલ્ડ ફાયરિંગ રેન્જ આવતા-જતા અધિકારીઓની દરેક ગતિવિધિ પર તેની નજર હતી.




# તંત્રી લેખ......

## તામિલનાડુમાં બિહારી મતદારો

લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી ચૂંટણીપંચની કાર્યવાહી ભાજપતરફી હોવાના આક્ષેપ પુરવાર કરવા માટે એટમ બોમ્બ જેવો ધડાકો કરવાની ધમકી વારંવાર આપી રહ્યા છે, તેના જવાબમાં સંરક્ષણપ્રધાન રાજનાથસિંહ કહે છે, જો તમારા પાસે બોમ્બ હોય તો તેનો પ્રયોગ કરે, પણ ખ્યાલ રાખે કે તમારા ઉપર જ ફૂટે નહીં. હકીકતમાં જો એમની પાસે બોમ્બ જેવી સ્ફોટક માહિતી હોય તો તે જાહેર કરવી જોઈએ. આ માટે અત્યારે બિહારમાં ભારે વિવાદ છે, ત્યારે જ જાહેર કરવી જોઈએ. આ દરમિયાન ચૂંટણીપંચે બિહારમાં મતદારોની યાદીની ચકાસણી કર્યા પછી જણાવ્યું છે કે, લાખો મતદારો રાજ્યમાં હયાત નથી - ગુજરી ગયા છે અથવા અન્યત્ર - અન્ય રાજ્યોમાં સ્થળાંતર કર્યું છે. ૬૫ લાખ નામ આ યાદીમાં આવે છે અને તેની આડપેદાશની જેમ અન્ય રાજ્યોના મતદારોમાં આ રીતે વધારો થવાની પાકી શક્યતા છે. સૌપ્રથમ તામિલનાડુમાં વિરોધ ઊઠયો છે. ત્યાં આવતાં વર્ષે વિધાનસભાની ચૂંટણી થનારી છે અને હ્રઅતિથિ કામદારો'ની સંખ્યા ૬.૫ લાખ હોવાથી ચૂંટણીપંચે એમનાં નામ તામિલનાડુની યાદીમાં ઉમેર્યાં હોવાની ફરિયાદ છે. રાજ્યમાં ડીએમકેના નેતાઓને આ ગરમ મુદ્દો મળ્યો છે. મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલીન સમક્ષ આ બાબત રજૂઆત થઈ છે અને સર્વપક્ષી બેઠક બોલાવવાની માગણી છે. તમિળ નેતાઓની દલીલ - ફરિયાદ એવી છે કે, મતદારયાદીમાં આ લાખો નામ ઉમેરવાથી રાજ્યમાં રાજકીય અસમતુલા થશે અને પ્રાદેશિક હિત જોખમાશે. હવે પ્રદેશવાદમાં આ મુદ્દો મહત્ત્વનો બનશે એમ લાગે છે. રાહુલ ગાંધીના એટમ બોમ્બ હવે વધુ સ્ફોટક બને એવી શક્યતા છે.

સાવરકર કેસમાં કોર્ટ પાસે આ અપીલ કરી

## રાહુલ ગાંધીએ પોતાના જીવને જોખમ હોવાનું કોર્ટમાં જણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પુણેની એક કોર્ટમાં અરજી આપીને દાવો કર્યો છે કે તેમના જીવને ગંભીર ખતરો છે. આ આવેદન સાવરકર પર તેમની ટિપ્પણી સાથે જોડાયેલા માનહાનિ કેસમાં આપ્યું છે. તેમણે મહાત્મા ગાંધીની હત્યાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઈતિહાસને ખુદને રિપીટ કરવાની પરમિશન ન આપવી જોઈએ. પોતાના આવેદનમાં રાહુલ ગાંધીએ દાવો કરતા કહ્યું કે, હાલમાં તેમણે જે રાજકીય મુદ્દા ઉઠાવ્યા છે અને પહેલા સાવરકર પર જે ટિપ્પણીઓ કરી હતી, તેના કારણે તેમની સુરક્ષાને ખતરો વધી ગયો છે. આ કેસના ફરિયાદકર્તા, નાથૂરામ ગોડસેના સીધા વંશજ છે. ફરિયાદકર્તાના પરિવારનો હિંસા અને અસંવૈધાનિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો દસ્તાવેજી ઈતિહાસ રહ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ સ્પષ્ટ, તાર્કિક અને ઠોસ આશંકા છે કે મને નુકસાન પહોંચાડી શકે છે. ખોટા કેસમાં ફસાવી શકે છે અથવા અન્ય રીતથી ટાર્ગેટ બનાવી શકે છે. ફરિયાદકર્તાના પરિવારનો હિંસા સાથે જોડાયેલો ઈતિહાસ રહ્યો છે. ઈતિહાસને ખુદને રિપીટ કરવાની પરમિશન ન આપવી જોઈએ. આ નિવેદન તેમણે મહાત્મા ગાંધીની હત્યાના સંદર્ભમાં આપ્યું છે. રાહુલ ગાંધીએ એવું પણ કહ્યું કે વોટ ચોરીના આરોપે તેમના રાજકીય વિરોધીઓને ભડકાવી દીધા છે. તેમણે દાવો કર્યો કે, ભાજપ તરફથી તેમને બે સાર્વજનિક ધમકીઓ મળી ચૂકી છે.

તેમાં કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટૂએ તેમને દેશનો નંબર વન આતંકવાદી કહ્યો. તો વળી ભાજપ નેતા તરવિંદર સિંહ મારવાહે પણ ધમકી આપી છે.

પોલીસે બેની ધરપકડ કરી

## સ્વિમિંગ પુલમાં ન્હાવા ગયેલી બે બાળકીઓ પર હેવાનિયત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં નરેલાના લામપુર સ્થિત એમકે સ્વિમિંગ પૂલમાં ન્હાવા માટે આવેલી બે ન વર્ષીય બાળકીઓ પર સામૂહિક દુષ્કર્મની ચકચારી ઘટના બની છે. પીડિત પરિવારની ફરિયાદ પર નરેલા પોલીસ સ્ટેશને સ્વિમિંગ પૂલના કોન્ટ્રાક્ટર અનિલ અને કેર ટેકર મુનિલની ધરપકડ કરી છે. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા પેટે ચાદર, ઓશિકાના કવર, આપત્તિજનક સામાન ડીવીઆર જપ્ત કર્યા છે.

નરેલા પોલીસ કર્મીએ જણાવ્યું હતું કે, સ્વિમિંગ પૂલથી લગભગ ૬થી ૭ કિમી દૂર રહેતી બે સગીર બાળકી બસમાં બેસી નરેલા સ્થિત સ્વિમિંગ પૂલમાં ન્હાવા માટે આવી હતી. તેઓ અગાઉ પણ સ્વિમિંગ કરવા અહીં આવ્યા હતાં. પાંચ ઓગસ્ટના રોજ જ્યારે બંને બાળકી સ્વિમિંગમાં પ્રવેશી તો કોન્ટ્રાક્ટર અનિલે બંને બાળકીઓને પકડી લીધી હતી. તેમને પરિસરમાં આવેલા એક રૂમમાં બંધ કરી દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં કેર ટેકર મુનિલે પણ બંને બાળકીઓ પર દુષ્કર્મ કર્યું હતું. બંને સગીરાને આ વાતની જાણ કોઈને પણ કરવા પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટના સમયે સ્વિમિંગ પૂલમાં આરોપી સિવાય કોઈ હાજર ન હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, પૂલ સત્તાવાર ધોરણે હજી સુધી ઉપયોગ માટે ખુલ્લુ મુકાયુ ન હતું. તેમ છતાં અહીં આસપાસના લોકો કોઈપણ ચાર્જ વિના અને ઔપચારિક મંજૂરી સાથે ન્હાવા માટે આવતા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, ઘટનાના સમયે પૂલનો ગેટ ખુલ્લો હોવાથી બંને બાળકીઓ ન્હાવા માટે આવી હતી. તે દરમિયાન અચાનક આ બે નરાધમો આવ્યા અને દુષ્કૃત્યને અંજામ આપ્યો. આઉટર-નોર્થ ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ હરેશ્વર વી સ્વામીએ જણાવ્યું કે, આઠ ઓગસ્ટના રોજ નરેલા પોલીસ સ્ટેશનમાં એક મહિલાએ પોતાની નવ વર્ષીય બાળકી અને અન્ય એક નવ વર્ષની બાળકી પર લામપુર સ્થિત એમકે સ્વિમિંગ પૂલમાં પાંચ ઓગસ્ટના રોજ સામૂહિક દુષ્કર્મ થયુ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

મહિલાની ફરિયાદ પર પોલીસે બંને બાળકીઓની મેડિકલ તપાસ હાથ ધરી હતી. બાદમાં નવ ઓગસ્ટના રોજ નરેલા પોલીસ સ્ટેશનમાં બીએનએસની કલમ ૭૦ (૨) (સામૂહિક દુષ્કર્મ), ૧૨૭ (ખોટી રીતે બંધક બનાવવા પર), ૩૫૧ (ગુનાહિત ધમકી) અને પોક્સો અધિનિયમની કલમ ૬ અને ૧૦ હેઠળ કેસ નોંધ્યો હતો. આરોપીની ધરપકડ માટે નરેલા એસપી રાકેશ કુમાર અને એસએચઓ રાજેન્દ્રસિંહના નેતૃત્વમાં ટીમ બનાવી હતી. ટીમે બંને આરોપીની ધરપકડ કરી છે. અનિલ બિહારના સમસ્તીપુરનો રહેવાસી છે. જ્યારે આરોપી મુનિલ ઉત્તર પ્રદેશના આઝમગઢનો રહેવાસી છે.

પાંચ ઓગસ્ટની દુર્ઘટના બાદ સાત ઓગસ્ટના રોજ બાળકીએ પોતાની પડોશમાં રહેતી એક કાકીને આ અંગે જાણકારી આપી હતી. કાકીએ બાદમાં બાળકીની માતાને વાત કરી હતી. બાદમાં પીડિતાની માતા બંને બાળકી સાથે ફરિયાદ નોંધાવા પોલીસ સ્ટેશન આવી હતી. પોલીસે આ ઘટનાસ્થળ પર આ પ્રકારના અન્ય કૃત્યોને અંજામ આપવામાં આવ્યું હોવાની આશંકાના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ચાંદીના વાયદામાં રૂ.૧૪૬૪નો ઉછાળોઃ સોનાના વાયદામાં રૂ.૨૩૬ની તેજીઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૨ લપસ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૬૬૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૬૪૨૦ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૦૯૩૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૪૨૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૧૦૮૮.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૪૬૬૫.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૬૪૨૦.૯૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૪૨૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૭૨.૪૧ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૦૯૩૯.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦૨૬૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૫૫૦ અને નીચામાં રૂ.૧૦૦૧૨૩ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦૧૫૭ના આગલા બંધ સામે રૂ.૨૩૬ વધી રૂ.૧૦૦૩૯૩ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૬ વધી રૂ.૮૦૩૭૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૫ વધી રૂ.૧૦૦૬૧ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૪ વધી રૂ.૯૯૮૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૭૫૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૦૧૨૬ અને નીચામાં રૂ.૯૯૭૪૧ના મથાળે અથડાઈ, રૂ.૯૯૭૩૭ના આગલા બંધ સામે રૂ.૨૨૩ વધી રૂ.૯૯૯૬૦ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૪૧૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૫૪૬૮ અને નીચામાં રૂ.૧૧૪૧૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૩૭૩૭ના આગલા બંધ સામે રૂ.૧૪૬૪ વધી રૂ.૧૧૫૨૦૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૪૩૬ વધી રૂ.૧૧૪૮૯૮ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૪૧૭ વધી રૂ.૧૧૪૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૨૦૪.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૫૩ અને નીચામાં રૂ.૪૪૪૯ના સ્તરને સ્પર્શી, કોઈ ફેરફાર વગર રૂ.૪૪૫૧ થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૫૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૫૭ અને નીચામાં રૂ.૫૪૭૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૪૮ના આગલા બંધ સામે રૂ.૬૨ ઘટી રૂ.૫૪૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬૪ ઘટી રૂ.૫૪૮૭ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૨૪૪.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૬૦ પૈસા ઘટી રૂ.૨૪૪.૨ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૨ના ભાવે ખૂલી, રૂ.૨૪.૩ ઘટી રૂ.૯૮૫.૩ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૪૬૯ના ભાવે ખૂલી, રૂ.૧૯ ઘટી રૂ.૨૪૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૭૭૬.૧૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫૧૬૨.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૯૮૮.૫૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૮૫.૭૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૯.૪૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૨.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮.૧૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૮૧૮.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૩૭૮.૨૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૪.૨૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૬૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૦૪૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૮૨૬૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૧૨૪૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૫૧૧૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૬૪૯૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૯૯૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૨૮૪૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૩૪૪૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૫૬૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૨૭૪૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૫૫૭૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૩૬૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૬૮૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૩૬૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૬૦ પોઈન્ટ વધી ૨૩૪૨૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૦.૨ ઘટી રૂ.૫૬.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૮.૭ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯.૫ વધી રૂ.૯૬૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૮૩ વધી રૂ.૨૧૩૫.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૧ પૈસા ઘટી રૂ.૪.૨ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૭ પૈસા ઘટી રૂ.૨.૯૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨.૫ વધી રૂ.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૮.૬ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧.૫ ઘટી રૂ.૬૪૮ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૫૩.૫ ઘટી રૂ.૧૪૫૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯ પૈસા ઘટી રૂ.૫.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪ પૈસા ઘટી રૂ.૨.૫૨ના ભાવે બોલાયો હતો.

૪૧૩૬થી વધુ નોકરીઓનું થશે સર્જન

## રાજ્યમાં ૧૪૭૮ કરોડ કરતા વધુના મૂડીરોકાણને મંજૂરી

### આ બેઠકમાં કુલ ૧૪૭૮.૭૧ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

રાજ્યમાં 'ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ' યોજના અંતર્ગત અંદાજે ૧.૪૭ લાખ કરોડના મૂડીરોકાણ સાથે ૧.૬૫ લાખ કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન કરવામાં આવશે.

ગાંધીનગર ખાતે ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં મોટા ઉદ્યોગોને ફાઈનલ એલીજીબીલીટી પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કુલ ૧૪૭૮.૭૧ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી, જેનાથી રાજ્યમાં અંદાજિત ૪૧૩૬ જેટલી નવી રોજગારીનું સર્જન થશે. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં એક ઉદ્યોગ ફ્રેન્ડલી ઈકો સિસ્ટમનું નિર્માણ થયું છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં 'ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રિઝ' યોજના અંતર્ગત અંદાજે ૧,૪૮,૩૩૬.૩૫ કરોડનું મૂડીરોકાણ તેમજ ૧.૬૫ લાખ કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન થયું છે. જેના પરિણામે સ્જીસ્ઈ સેક્ટરના નાના અને મધ્યમ કક્ષાના આનુષંગિક ઉદ્યોગોને વધુ વેગ મળ્યો છે.

વધુમાં રાજપૂતે કહ્યું હતું કે, આજે મંજૂર કરવામાં આવેલી અરજીઓ પૈકી અમદાવાદ જિલ્લામાં મેટલ, પેપર, ફૂડ-એગ્રો, સિમેન્ટ-કોક્રીટ સેક્ટરમાં ૩૮૩.૯૧ કરોડ, કચ્છમાં મેટલ સેક્ટરમાં ૨૨૭.૭૭ કરોડ રૂપિયા, ભરૂચમાં કેમિકલ તથા સિરામિક સેક્ટરમાં ૨૧૮.૮૮ કરોડ રૂપિયા, મહેસાણામાં પેપર સેક્ટરમાં ૫૫.૨૩ કરોડ રૂપિયા, મોરબીમાં સિરામિક, મેટલ, પેપર, ટેક્સ્ટાઈલ સેક્ટરમાં ૧૬૭.૭૦ કરોડ રૂપિયા, રાજકોટમાં મેટલ સેક્ટરમાં ૩૬.૨૨ કરોડ રૂપિયા, વલસાડમાં કેમિકલ, પ્લાસ્ટિક તથા પેપર સેક્ટરમાં ૩૫૯.૪૭ કરોડ રૂપિયા તથા સુરેન્દ્રનગર જિલ્લામાં પેપર સેક્ટરમાં ૨૯.૫૩ કરોડ રૂપિયાના મૂડીરોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. જે રાજ્યમાં ઉદ્યોગોને વધુને વધુ સક્ષમ બનાવવા તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ગુજરાતમાં રોજગારી વધારવામાં મહત્વનો ભાગ ભજવશે.

નોંધનીય છે કે, ગુજરાતને વ્યાપક સામાજિક અને આર્થિક વિકાસની દીવાદાંડી બનાવવાના વિઝન સાથે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નિતિ-૨૦૧૫ હેઠળ 'ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ' યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. ગુજરાતને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં અદ્યતન ટેક્નોલોજી અને ઈનોવેશનમાં અગ્રેસર કરવા, અત્યાધુનિક ટેક્નોલોજી સાથે મોટા પાયે રોકાણ આકર્ષિત કરવા તેમજ નવીન પ્રોજેક્ટ્સમાં રોકાણને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યમાં આવનારા ઉદ્યોગોને નેટ એસ.જી.એસ.ટી. સહાય આપવા અંગેની આ યોજના થકી ગુજરાત માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં રોકાણનું સૌથી આકર્ષક સ્થળ બન્યું છે, જેને મોટા ઉદ્યોગો દ્વારા સારો એવો પ્રતિસાદ મળ્યો છે.

## પહેલવાન સુશીલ કુમારને સુપ્રીમ કોર્ટથી ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓલિમ્પિક મેડલ વિજેતા પહેલવાન સુશીલ કુમાર પોતાના જુનિયર સાગર ધનખરની હત્યાના આરોપમાં લાંબો સમય જેલમાં રહ્યો હતો. આ કેસમાં તેને દિલ્હી હાઈકોર્ટ તરફથી જામીન મળ્યા હતા. પરંતુ હવે સુશીલ કુમારને સુપ્રીમ કોર્ટનો મોટો ઝટકો લાગ્યો છે.

સુપ્રીમ કોર્ટે જુનિયર કુસ્તીબાજ સાગર ધનખરની હત્યાના કેસમાં સુશીલ કુમારના જામીન રદ કર્યા છે અને ૧ અઠવાડિયામાં સરેન્ડર કરવાનો આદેશ આપ્યો છે. જુનિયર પહેલવાન સાગર ધનખરની હત્યાના આરોપી ઓલિમ્પિયન સુશીલ કુમાર પહેલવાનને દિલ્હી હાઈકોર્ટમાંથી જામીન મળ્યા હતા. જેને સાગરના પિતાએ સુપ્રીમ કોર્ટમાં રદ કરવાની માંગ કરી હતી. મે ૨૦૨૧માં દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં જુનિયર પહેલવાન સાગર ધનખરને મારપીટ કરીને હત્યા કરવામાં આવી હતી. સાગરના પિતા અશોક ધનખરે સુપ્રીમ કોર્ટમાં આરોપી સુશીલ કુમારના જામીન રદ કરવાની માંગ કરી હતી.મૃતક પહેલવાન સાગર ધનખરના પિતાએ દાવો કર્યો છે કે, આરોપી પહેલવાન સુશીલ કુમાર જામીન પર છૂટ્યા પછી સાક્ષીઓ પર દબાણ કર્યું હતું. અને આ વખતે પણ આવું થવાની શક્યતા છે.

અશોક ધનખરનો આરોપ છે કે, હવે ફરીથી તેમના પરિવાર પર સમાધાન માટે દબાણ લાગવામાં આવી રહ્યું છે. આ કેસમાં વીડિયો પુરાવા હોવાથી સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો નિર્ણય બદલી નાખ્યો છે. હકીકતમાં, આ મામલો ૫ મે ૨૦૨૧ ની રાત્રિનો છે. જ્યારે દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં પૂર્વ જૂનિયર રાષ્ટ્રીય કુસ્તી ચેમ્પિયન સાગર ધનખરને સુશીલ કુમાર અને તેના સહયોગીઓએ લાકડીઓથી ખૂબ ખરાબ રીતે માર્યો હતો. જેના કારણે સાગરનું હોસ્પિટલમાં જ મૃત્યુ થયું હતું.

ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ!

## દબાણ હટાવવામાં જે કોઈ રાજકીય પ્રેશર કરતા હોય તેમની સામે થશે કાર્યવાહી

### ગુજરાત સરકારે કોર્ટમાં જણાવ્યું છે કે, અમારા અધિકારી કામ કરે છે તેમને રાજકીય દબાણ કરીને રોકવામાં આવી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ



શહેરમાં ટ્રાફિકની સમસ્યા અને રસ્તાની આસપાસના દબાણો મોટો માથાનો દુખાવો બની ગયા છે. આ સમસ્યાને નિવારવા માટે શહેર ટ્રાફિક પોલીસ દ્વારા કરાયેલી ડ્રાઈવ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ પોલીસને કામગીરી સમયે રાજકીય દબાણ કરાતું હોવાની હાઈકોર્ટમાં ફરિયાદ થઈ છે. ગુજરાત સરકારે કોર્ટમાં જણાવ્યું છે કે, અમારા અધિકારી કામ કરે છે તેમને રાજકીય દબાણ કરીને રોકવામાં આવી રહ્યા છે. તેની સામે ગુજરાત હાઈકોર્ટે સખત શબ્દોમાં જણાવ્યું છે કે, આ જે લોકો છે જે કામમાં અડચણરૂપ બને છે તેમના નામ આપો. જે કોઈપણ રાજકીય વ્યક્તિ આ કામ કરતા હશે તેના વિરુદ્ધ કન્ટેમ્પટ ઓફ કોર્ટની કાર્યવાહી થશે. ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોશિએશન (GHAA)ના સેક્રેટરી, હાર્દિક બ્રહ્મભટ્ટે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે, સરકારના વકીલોએ કોર્ટમાં એવું કહ્યું હતું કે, સરકારી વ્યક્તિઓ જ્યારે આ કામ માટે જાય છે ત્યારે અમુક પક્ષના લોકો રાજકીય દબાણ કરીને આ પક્ષની વિચારસરણીને આગળ ધપાવવા માટે અથવા સરકારી કામને ખોરંભે કરવા માટે અલગ અલગ પ્રયત્નો કરે છે જેના કારણે સરકારી કામમાં અડચણ ઉભી થાય છે. આમાં કોર્ટે એવું કહ્યું કે, આવા કોઈપણ વ્યક્તિઓ હોય જે આ રીતનું કૃત્ય કરતા હોય તો તેમના નામ આપો. આ રીતે સરકારી કામમાં કોઈ અડચણ રૂપ હોય તેની સામે કન્ટેમ પણ લાગી શકે છે તેવું જણાવ્યું હતું. સરકાર તરફથી જણાવવામાં આવ્યું હતું કે, ડીસીપી કક્ષાના અધિકારી વિરુદ્ધ સોશિયલ મીડિયામાં વાતો ફેલાવવામાં આવી રહી છે. તે સામે ગુજરાત હાઈકોર્ટે આવા તત્વો સામે સખત નારાજગી વ્યક્ત કરી છે. ગુજરાત હાઈકોર્ટે સરકારને જણાવ્યું છે કે, જે લોકો પણ કામગીરીમાં અડચણ ઉભી કરી રહ્યા છે તેમના નામ આપો. અધિકારી હાઈકોર્ટની સૂચના મુજબ કામગીરી કરી રહ્યા છે, તેમને રોકવાનો કોઈને અધિકાર નથી. જે કોઈપણ રાજકીય વ્યક્તિ આ કામ કરતો હશે તેના વિરુદ્ધ કન્ટેમ્પટ ઓફ કોર્ટની કાર્યવાહી થશે. હાઈકોર્ટે સરકાર પાસે વિગતો મંગાવતા જણાવ્યું હતું કે, જેસીપી અને ડીસીપી ખુદ રસ્તા પર ઉતરીને કામગીરી કરી રહ્યા છે. દબાણ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ સહિત સરકારની કામગીરીમાં અડચણરૂપ થશે તો હાઈકોર્ટ સૂઓમોટો લઈ કામગીરી કરશે. શહેરમાં ઓલિમ્પિકના સ્વપ્ન જોઈ રહ્યા છીએ તેના માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવું એ સરકારનું કર્તવ્ય છે. આવા કોઈપણ રાજકીય તત્વોની દાદાગીરી ચલાવી લેવામાં નહીં આવે. અમદાવાદ શહેરમાં મુખ્ય રસ્તાઓ પર થયેલા દબાણો મામલે સરકારી વકીલે જવાબ આપતા જણાવ્યું છે કે, એચએલ રોડ, IIM રોડ, CEPT રોડ પરના લારી ગલ્લા દૂર કરાયા છે. મુખ્ય રસ્તાઓ પર જે દબાણરૂપ લારીઓ હતી તમામને દૂર કરવામાં આવી છે. બોપલ - ઘુમા વિસ્તારમાં થતા દબાણને પણ દૂર કરવામાં આવી રહ્યા છે. અમે શહેરને સંપૂર્ણ પણે દબાણ મુક્ત કરી રહ્યા છે. આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટ થવાની છે જેને લઈને કામગીરી થઈ રહી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

સ્વચ્છ ભારત અભિયાન માત્ર એક અભિયાન નહીં, પરંતુ દરેક નાગરિકનું સામાજિક અને નૈતિક કર્તવ્યઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરના શાહપુર ખાતે સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કર્યું

# સ્વચ્છતા, પર્યાવરણીય સંરક્ષણ અને પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણે સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશુંઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગાંધીનગરના શાહપુર ખાતે સ્વચ્છતા અભિયાન યોજીને શ્રમદાન કર્યું હતું. આ અભિયાનમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી મહોબતજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી રંજનબેન જાદવ, તાલુકા પંચાયત સદસ્ય શ્રીમતી રમીલાબેન પટેલ, સરપંચ શ્રી હીનાબેન પટેલ, જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જે. પટેલ સહિતના અધિકારી-પદાધિકારીઓ જોડાયા હતા.

સ્વચ્છતા અભિયાન પૂર્વે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શાળાના બાળકોને તિરંગાઓ આપીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ ગામની પ્રાથમિક શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

સ્વચ્છતા અભિયાન બાદ શાહપુર ગામના લોકો સાથે સંવાદ કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્વચ્છ ભારત અભિયાન માત્ર એક અભિયાન નહીં, પરંતુ દરેક નાગરિકનું સામાજિક અને નૈતિક કર્તવ્ય છે. તેમણે કહ્યું કે, સ્વચ્છ વાતાવરણ એ દેશની ગરિમા અને ગૌરવનું પ્રતીક છે. દરેક વ્યક્તિ સ્વચ્છાગ્રહી બને તે અત્યંત જરૂરી છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિ, એવા ગુજરાતનું દરેક ગામ અને શહેર સ્વચ્છતાનું આદર્શ બનવું જોઈએ. ગંદકી ફેલાવવાની વૃત્તિને રોકવાની અને સ્વચ્છતાની આદત અપનાવવાની દરેક નાગરિકની જવાબદારી છે. મહાત્મા ગાંધીનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, બાપુ જાતે આશ્રમમાં સફાઈ કરતા હતા અને શૌચાલય પણ જાતે જ સાફ કરતા હતા, આ તેમના આદર્શ જીવનનો આધાર હતો.



રાજ્યપાલશ્રીએ પર્યાવરણ સંરક્ષણની જરૂરિયાત પર ભાર મુકતા કહ્યું કે, જળવાયું પરિવર્તન, પૂર, દુષ્કાળ, તોફાન જેવી કુદરતી આફતો માનવ દ્વારા પ્રકૃતિના આડેધડ શોષણનું પરિણામ છે. આ સંકટથી બચવા માટે શક્ય તેટલા વધુ વૃક્ષો વાવવા અને તેમનું રક્ષણ કરવું જરૂરી છે. રાજ્યપાલશ્રીએ લોકોને અપીલ કરી કે, તેઓ પોતાના જન્મદિવસ કે ખાસ પ્રસંગે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવે અને ત્રણ વર્ષ સુધી તેની સંભાળ રાખે. રાજ્યપાલશ્રીએ રાસાયણિક ખેતીના દુષ્પરિણામો અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે યુરિયા, ડીએપી અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગને કારણે જમીન, પાણી અને ખાદ્ય પદાર્થોમાં ઝેર ભળી ગયું છે, જેની અસર માતાઓના દૂધ અને બાળકોના લોહીમાં પણ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ અત્યંત ગંભીર છે અને ભવિષ્યની પેઢીઓના સ્વાસ્થ્ય માટે ખતરો છે. આ તમામથી બચવાનો એક માત્ર ઉપાય દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ છે. તેમણે માહિતી આપી કે, ગુજરાતમાં લગભગ ૯ લાખ ખેડૂતોએ રાસાયણિક ખેતી છોડી દીધી છે અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી છે. રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં થયેલા સંશોધનથી સાબિત થયું છે કે, પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટતું નથી, પરંતુ સમય સાથે વધે છે અને જમીનની ગુણવત્તામાં સતત સુધારો થાય છે. રાજયપાલશ્રીએ કહ્યું કે, સમગ્ર ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો ફેલાવો કરવા માટે જન આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા દરેક ગામમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની વિનામૂલ્ય તાલીમ આપવામાં આવી રહી છે. તેમણે ગ્રામજનોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, સ્વચ્છતા, પર્યાવરણીય સંરક્ષણ અને પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણે સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીશું. શ્રી આચાર્ય દેવવ્રતજીએ દરેક ગ્રામજનોને વ્યસનથી દુર રહેવા, દીકરીઓને શિક્ષિત કરવા અને બાળકોમાં સારા મૂલ્યો વિકસાવવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, દુષ્ટતા માણસને મારે છે, જ્યારે સારા વિચારો અને સુસંસ્કારી આચરણ જીવનને સુખી બનાવે છે. આ તકે ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરતા રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સ્વચ્છ, હરિયાળા અને સ્વસ્થ ગુજરાતનું સ્વપ્ન જનભાગીદારીથી ચોક્કસપણે સાકાર થશે.

# ‘તાપી કે તારે’ પ્રોજેક્ટ હેઠળ તાપી જિલ્લાના ૨૮ આદિવાસી બાળકો ચેન્નાઈના શ્રીહરિકોટા સ્થિત ઈસરોનો પ્રવાસ પૂર્ણ કરી સુરત એરપોર્ટ પર આવી પહોંચ્યા

‘તાપી કે તારે’ પ્રોજેક્ટ હેઠળ તાપી જિલ્લાના ૨૮ આદિવાસી બાળકોએ પ્રથમ વખત ચેન્નાઈ ખાતે ઈસરોની મુલાકાત લીધી હતી. ઈસરો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ આજે સુરત એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. જ્યાં આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી અને તાપી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ તમામ વિદ્યાર્થીઓને આવકારવા પહોંચ્યા હતા અને સુરત એરપોર્ટના કોન્ફરન્સ હોલમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા, તેમના રોચક અનુભવો જાણ્યા હતા. તાપીના તારલાઓએ શ્રીહરિકોટા સ્થિત, ‘સ્પેસપોર્ટ ઑફ ઈન્ડિયા’ તરીકે વિશ્વપ્રસિદ્ધ સતિષ ધવન સ્પેસ સેન્ટર (ઈસરો)ની મુલાકાત તેમજ જીવનની પ્રથમ આકાશી ઉડાનના અનુભવોને વાગોળ્યા હતા.

આદિજાતિ વિકાસ વિભાગ અને તાપી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રોજેક્ટ 'વિજ્ઞાન સેતુ- તાપી કે તારે' અંતર્ગત તાપી જિલ્લાની ૧૫ સરકારી શાળાઓના વિજ્ઞાન પ્રવાહના ૨૮ આદિવાસી બાળકોએ તા.૧૦થી ૧૩ ઓગષ્ટ દરમિયાન ઈસરોના શ્રીહરિકોટા સ્થિત સેટેલાઈટ લોન્ચિંગ સેન્ટરનો શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ અને શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, રાજ્યમાં સૌ પ્રથમવાર વિશેષરૂપે આદિજાતિ બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે આકર્ષણ વધે એ માટે માટે તાપી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી નવીન પહેલ પ્રેરણાદાયી છે.

શિક્ષણના સંગમ સમાન આ પ્રોજેક્ટ- શૈક્ષણિક પ્રેરણા પ્રવાસના નવતર પ્રયોગનું રાજ્યના અન્ય આદિજાતિ જિલ્લાઓમાં અમલીકરણ થાય એ દિશામાં સક્રિય પ્રયાસો હાથ ધરવામાં આવશે. તાપી જિલ્લાની જેમ આદિજાતિ જિલ્લાઓના બાળકો પણ પ્રેરક શૈક્ષણિક પ્રવાસમાં ભાગ લઈ કારકિર્દીનું નવું ભાથું મેળવે એ માટે આદિજાતિ વિભાગ સક્રિયપણે યોગદાન આપશે. મંત્રીશ્રીએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા કહ્યું કે, આદિજાતિ બાળકો માટે આ પ્રેરણાપ્રવાસ જીવનભરનું સંભારણું બની રહેશે તેમજ વિજ્ઞાન, ટેકનોલોજી અને અંતરિક્ષ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે પગથિયા સમાન બનશે. આ પ્રકારના નવાચાર સમાન પ્રવાસ બાળકોની કલ્પના અને સપનાને નવી ઉડાન આપે છે. શ્રી ડીંડોરે કહ્યું કે, પૂર્વ વડાપ્રધાનશ્રી લાલબહાદુર શાસ્ત્રીએ દેશને ‘જય જવાન, જય કિસાન’ નારો આપેલો, સ્વ.અટલબિહારી વાજપેયીએ ‘જય જવાન, જય કિસાન’ની સાથે ‘જય વિજ્ઞાન’ અને દેશના વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ‘જય અનુસંધાન’ના નારા ઉમેરી વિજ્ઞાન અને અનુસંધાનની મહત્તાને ઉજાગર કરી છે.

તાપી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, ૨૮ આદિજાતિ વિદ્યાર્થીઓએ ISROના સંશોધન કાર્ય, અવકાશ વિજ્ઞાન અને ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓને નજીકથી જાણી છે. ચોખાના રોટલા ખાનારા વિદ્યાર્થીઓએ ચેન્નાઈમાં ઢોસાનો સ્વાદ ચાખ્યો છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓ પ્રતિભા અને તેજસ્વિતાનું પ્રેરક ઉદાહરણ પૂરૂ પાડી રહ્યા છે આ સમૂહના મહત્તમ વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક બની દેશસેવા કરે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

ઈસરો મુલાકાત દરમિયાન બાળકોએ ISROના સંશોધન કાર્ય અને અવકાશ વિજ્ઞાન વિશે ઊંડાણપૂર્વક જાણકારી લીધી તેમજ ઉત્સુકતાભેર વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો પાસેથી નવા અનુભવો મેળવ્યા હતા. ઈસરોના શ્રીહરિકોટા સ્થિત સેટેલાઈટ લોન્ચિંગ સેન્ટરનો પ્રવાસ અમારા માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને અંતરિક્ષ ક્ષેત્રમાં



કારકિર્દી બનાવવા પ્રેરણા પૂરી પાડનાર અનુભવ સાબિત થયો છે એમ તમામ વિદ્યાર્થીઓએ એકસૂરે જણાવ્યું હતું. આ પ્રસંગે તાપીના પ્રાયોજના વહીવટદારશ્રી જયંતસિંહ રાઠોડ, સંયુક્ત માહિતી નિયામક શ્રી અમિત ગઢવી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**કઈ રીતે થઈ હતી વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયા?**

ઈસરોના એક્સપોઝર વિઝીટ માટે પસંદગીની પ્રક્રિયામાં તાપી જિલ્લાના આદિજાતિ વિભાગ હસ્તકની શાળા અને સરકારી શાળા મળી કુલ ૧૫ શાળાઓના ધોરણ ૧૧-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની ૧૦૦ ગુણની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ધોરણ ૦૯ અને ૧૦ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી પ્રશ્નપત્ર તૈયાર કરાયું હતું. બાળકો માટે આ પરીક્ષા જ્ઞાન અને તર્કબુદ્ધિની ચકાસણીનું એક અનોખું મંચ બની હતી. ઉત્તમ ગુણ મેળવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રવાસ માટે પસંદ કરાયા હતા.

**ઈસરો પ્રવાસ વિદ્યાર્થીઓ માટે જ્ઞાન-વિજ્ઞાનની સફર બન્યો**

વિદ્યાર્થીઓએ શ્રીહરિકોટા સ્થિત, ‘સ્પેસપોર્ટ ઑફ ઈન્ડિયા’ તરીકે વિશ્વપ્રસિદ્ધ સતિષ ધવન સ્પેસ સેન્ટર (ઈસરો)ની મુલાકાત, લઈ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના હૃદયસ્થળ ગણાતા આ કેન્દ્રમાં લોન્ચ બેઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન ટેક્નોલોજી, રોકેટ લોન્ચિંગ પ્રક્રિયાનું મોનિટરિંગ, રૉકેટની સ્થિતિ, ઓરબીટ અને વૈજ્ઞાનિક ગતિવિધિઓને નજીકથી નિહાળી હતી. વ્હિકલ એસેમ્બલી બિલ્ડિંગ, લોન્ચ ટાવર, ફ્યુઅલિંગ સિસ્ટમ અને કાઉન્ટડાઉન વિસ્તાર વૈજ્ઞાનિકો પાસેથી રૉકેટના પ્રકારો, સેટેલાઈટના ઉપયોગો, લોન્ચિંગ પ્રોસેસ, તેમજ અવકાશમાં આવતા પડકારો વિશે માહિતી મેળવી હતી.

ગુજરાતને વધુ એક પશુ ચિકિત્સા અને પશુપાલન કૉલેજની ભેટ, આગામી મહિનાથી પ્રવેશ શરૂ થશે

# કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત હિંમતનગરમાં કામધેનુ વેટરનરી કૉલેજ મંજૂર, ૮૦ સીટ પર પ્રવેશ મળશે

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા અને છેવાડાના માનવીની સુખાકારી માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. તેના પરિણામ સ્વરૂપે, રાજ્યના વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે વધુ એક નવી સુવિધાની ભેટ પ્રદાન કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં હિંમતનગર ખાતે નવી પશુ ચિકિત્સા અને પશુપાલન કૉલેજ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬થી આ કૉલેજમાં ૮૦ સીટ પર પ્રવેશની પ્રક્રિયા આગામી મહિનાથી શરૂ થશે.

કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત હિંમતનગરમાં નવી કામધેનુ વેટરનરી કૉલેજ શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવી હતી. આ બાબતે વેટરનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (VCI) દ્વારા નિરિક્ષણ અને યોગ્ય સમીક્ષા બાદ આ વર્ષથી આ કૉલેજ શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

**કૉલેજ પ્રવેશ અને કોર્સ**

વેટરનરી ચિકિત્સાના અભ્યાસ માટે આણંદ, નવસારી, જુનાગઢ અને દાંતીવાડા બાદ રાજ્યમાં આ પાંચમી કૉલેજ છે. ધોરણ ૧૨ પાસ કર્યા બાદ નીટ પરીક્ષાના આધારે આ કૉલેજમાં પ્રવેશ મળશે. આ કૉલેજમાં વિદ્યાર્થીઓ બેચલર ઓફ વેટરનરી સાયન્સ (BVSc) અને એનિમલ હસ્બન્ડરી ડિગ્રી કોર્સનો અભ્યાસ કરી શકશે.

અભ્યાસક્રમ શરૂ કરવા માટે પૂરતા સ્ટાફની નિમણૂક પૂર્ણ થઈ ચૂકી છે જેમાં ૦૧ પ્રિન્સિપાલ, ૦૪ પ્રોફેસર, ૦૭ એસોસિએટ પ્રોફેસર, ૩૪ આસિસ્ટન્ટ પ્રોફેસર અને ૨૩ નોન ટીચીંગ સ્ટાફનો સમાવેશ થાય છે.

**અત્યાધુનિક કેમ્પસ અને ઓછી ફીમાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત સુવિધા**

આ કૉલેજ શરૂ થવાથી હવે રાજ્યના વિદ્યાર્થીઓને વધુ એક સારી કૉલેજમાં અભ્યાસ કરવાની તક મળશે. આ કૉલેજનું કેમ્પસ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે.

વિદ્યાર્થીઓ માટે સરકારી ધોરણો અનુસાર ઓછી ફીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત અભ્યાસ સાથે રહેવાની સુવિધા પણ ઉપલબ્ધ છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં પશુ આરોગ્ય મેળાઓની શરૂઆત કરવામાં આવી હતી. ગુજરાત દેશનું એવું રાજ્ય છે જ્યાં પશુધન માટે હેલ્થકાર્ડ, પશુ આરોગ્ય મેળા અને પશુઓના મોતીયાના ઓપરેશનની સુવિધાઓ પણ વિકસિત કરવામાં આવી છે. આ અભિયાનને આગળ લઈ જવામાં આ કૉલેજ આગામી સમયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# ઉમરેઠના ધુળેટા પાસે બાઈક ખાડામાં પડતાં પત્નીનું મોત, પિતા-પુત્રીને ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના ધુળેટા ગામે કેનાલથી આગળ કોટ ચોકડી થઈ જેસાપુરા તરફ જતા રોડ ઉપર પડેલા ખાડામાં બાઈક પડતાં ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેમાં બાઈકચાલક પતિ, પત્ની અને પુત્રી રોડ પર પટકાયા હતા. જેથી પત્નીને ગંભીર ઈજાઓ થતાં મોત નીપજ્યું હતું, જ્યારે પિતા-પુત્રીને ઈજા થયાની ફરિયાદ ઉમરેઠ પોલીસમથકમાં નોંધાઈ છે.વડોદરાના ડેસર તાલુકાના જુના સિહોરા ગામે કુવાવાળા ફળીયામાં ૩૦ વર્ષીય અજીતસિંહ ભીમસિંહ પરમાર પોતાના પત્ની રંજનબેન, બે વર્ષીય દીકરી પ્રિયાંસી સહિતના પરિવાર સાથે રહે છે. જેઓ ડમ્પર ઉપર ડ્રાઈવીંગ કરી જીવન ગુજરાન ચલાવે છે.

સોમવારે અજીતસિંહ પરમાર પોતાના ફળીયામાં રહેતા વિક્રમસિંહ નટવરસિંહ પઢીયારના બાઈક નંબર જીજે-૦૬-ક્યુઆર-૯૫૯૯ની પાછળ પત્ની રંજનબેન અને દીકરી પ્રિયાંશીને બેસાડીને નડિયાદના ચકલાસી ગામે સંબંધીની ખબર જોવા માટે ગયા હતા.

# "હર રેલ ઘર તિરંગા"માં ૧૮૦૦૦ રેલ પરિવારોની ઐતિહાસિક ભાગીદારી – મહિલા કલ્યાણ સંગઠન અમદાવાદ ના પ્રમુખ શેફાલી ગુપ્તા બન્યા પ્રેરણા સ્ત્રોત

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાષ્ટ્રવ્યાપી “હર ઘર તિરંગા” અભિયાનને નવી ઊર્જા આપે તે રીતે, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંસ્થા (WRWWO), અમદાવાદના અધ્યક્ષ શ્રીમતી શેફાલી ગુપ્તાના નેતૃત્વમાં ન્યુ રેલવે કોલોની, સાબરમતી ખાતે “હર રેલ ઘર તિરંગા” રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.




આ આયોજનમાં ૨૦૦૦ થી વધુ રેલવે પરિવારજનો જોડાયા હતા. રેલીની શરૂઆત સાબરમતીના કોમ્યુનિટી હોલથી થઈ હતી અને રેલવે કોલોનીના વિવિધ માર્ગો પરથી પસાર થતાં દેશભક્તિના રંગમાં રંગાયેલા વાતાવરણમાં "ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના નારા ગૂંજતા રહ્યા હતા.

કાર્યક્રમમાં માનનીય વિધાયક ડૉ. હર્ષદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કેઃ

“વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના ‘હર ઘર તિરંગા’ના આહવાને સમગ્ર દેશને એકસૂત્રમાં બાંધ્યો છે અને રેલવે પરિવાર તેનું ઉત્તમ ઉદાહરણ છે?”

શ્રીમતી શેફાલી ગુપ્તા, જે વર્ષોથી જનસેવા અને સમાજ કલ્યાણના કાર્યમાં અગ્રણી છે, તેમણે જણાવ્યું હતું કેઃ “હર ઘર રેલ તિરંગા, હર દિલ મે ભારત – આ છે આપણી દેશભક્તિની સાચી ઓળખ.” તેમની પ્રેરણાથી આ અભિયાન માત્ર એક રેલી ન રહી, પરંતુ રાષ્ટ્રીય એકતા અને ગૌરવનો ઉત્સવ બની ગયો. રેલી બાદ ૫૦૦ થી વધુ ઘરોમાં કોલોનીવાસીઓને તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું, જેથી ૧૫ ઓગસ્ટના દિવસે દરેક ઘરમાં રાષ્ટ્રધ્વજ ગૌરવપૂર્વક ફરકાવવામાં આવે. અમદાવાદ મંડળ દ્વારા ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ મણિનગર અને અન્ય રેલવે કોલોનીઓમાં પણ આ અભિયાન જારી રહેશે. આ વર્ષે સમગ્ર અમદાવાદ રેલ મંડળમાં ૧૮,૦૦૦ થી વધુ ઘરોમાં તિરંગાનું વિતરણ કરવાની યોજના છે. સાથે જ અમદાવાદ મંડળ ના પોતાના સ્ટાફ સાથે ખાસ “ફોટો તિરંગા સાથે” સ્પર્ધાનું આયોજન કરાયું છે, જેમાં રેલવે કર્મચારીઓએ પોતાનું તિરંગા સાથેનો ફોટો પાડીને @DRMAhmedabad ને ટૅગ કરવાનો છે #HarRailGhar Tiranga હેશટૅગ સાથે પોસ્ટ કરવાનું રહેશે. મંડળ શ્રેષ્ઠ ફોટોને એવોર્ડ પણ આપશે. આ રીતે પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળે ફરી એકવાર સાબિત કર્યું છે કે તે દેશની પ્રગતિ સાથે સાથે સામાજિક એકતા અને રાષ્ટ્રનિર્માણમાં પણ હંમેશા આગેવાન રહ્યું છે.

# ગુજરાતમાં લોકો બિહારમાં બની રહ્યા છે મતદાર : ભીખુભાઈ દલસાણીયાનુ નામ ચર્ચામાં : તેજસ્વી યાદવે કર્યા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

બિહારમાં એસઆઈઆર પર લડાઈ ચાલુ છે. રાષ્ટ્રીય જનતાદળના નેતા અને બિહાર ના વિપક્ષી નેતા તેજસ્વી યાદવે ફરી એકવાર ચુંટણીપંચ પર નિશાન સાધ્યુ છે. તેજસ્વી યાદવે ભાજપ પર ચુંટણીપંચ દ્વારા મતચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો. તેજસ્વી યાદવે બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજી કેટલાક દસ્તાવેજો બતાવ્યા હતા અને દાવો કર્યો કે મુઝફ્ફરપુર ના મેયર અને તેમના સંબંધી પાસે બે બે આઈપીઆઈસી નંબર છે,




તેજસ્વી યાદવે એવુ પણ કહ્યુ કે બિહાર ભાજપના સંગઠનમંત્રી ભીખુભાઈ દલસાણીયા પટનાના મતદાર બન્યા છે અને તેઓ ગુજરાતના રહેવાસી છે. પ્રેસ કોન્ફરન્સમાં તેજસ્વી યાદવે કહ્યુ કે આજ સુધી ચુંટણીપંચે એકપણ પ્રેસ કોન્ફરન્સ યોજી નથી, પહેલા ભાજપે ચુંટણી જીતવા માટે સીબીઆઈ, ઈડી અને આવકવેરાનો ઉપયોગ કર્યો હતો પરંતુ જયારે આ બધુ નકામુ થઈ ગયુ ત્યારે તેમણે ચુંટણીપંચનો ઉપયોગ કર્યો, વર્ષ ૨૦૨૦ માં પણ તેમણે મત ચોરી લીધા હતા, અમે માત્ર ૧૨ હજાર મતોના તફાવતથી ૧૦ બેઠકો હારી ગયા, આ રીતે ઘણી બેઠકો પર અમારી હાર થઈ છે, તેજસ્વી યાદવે કહ્યુ કે ગઈ વખતે અમે ડેપ્યુટી સીએમ વિજયકુમાર સિંહા સંબંધીત બાબતો આગળ લાવી હતી, આજે અમે કહેવા માંગીએ છીએ કે ચુંટણીપંચ ફકત ભાજપને ટેકો આપી રહ્યુ છે. તે વિપક્ષના મત ઘટાડી રહ્યુ છે અને એક જ વિધાનસભામાં ભાજપના લોકોના એક નહી પણ બે ઈપીઆઈસી નંબર બનાવવામાં આવી રહ્યા છે.

તેજસ્વી યાદવે દાવો કર્યો કે મુઝફફરપુર જિલ્લામાં ભાજપના મેયર નિર્મલાદેવી છે. તેજસ્વીના મતે નિર્મલા દેવી પાસે એક જ વિધાનસભામાં બે ઈપીઆઈસી આઈડી છે. બંને અલગ અલગ છે, નિર્મલા દેવી જ નહી પરંતુ નિર્મલા દેવીના પણ બે સાળા છે અને તેમના બંને સાળાના પણ બે બે ઈપીઆઈસી નંબર છે.

તેજસ્વી યાદવે ટીવી સ્ક્રીન પર તસવીરો બતાવી અને દાવો કર્યો કે બુથ નં. ૨૫૭ મુઝફફરપુર મતવિસ્તારમાં છે અને બુથ નં. ૧૫૩ પર નિર્મલા દેવી નુ નામ છે. નિર્મલા દેવીના સાળા દિલીપકુમાર અને મનોજકુમાર પાસે પણ બે બે ઈપીઆઈસી નંબર છે, તેજસ્વી યાદવે કહ્યુ કે એક બુથ પર નિર્મલા દેવીની ઉંમર ૪૮ વરસ છે, અને બુથ નં. ૨૫૭ પર તેમની ઉંમર ૪૫ વરસ છે,

તેજસ્વી યાદવે ભાજપના દિગ્ગજ નેતા ભીખુભાઈ દલસાણીયા પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. તેજસ્વી યાદવે કહ્યુ કે ગુજરાતના લોકો બિહારના મતદાર બની રહ્યા છે. ભાજપના પ્રભારી ભીખુભાઈ પટનાના મતદાર બન્યા છે. તેમણે છેલ્લે ૨૦૨૪ માં ગુજરાતમાં મતદાન કર્યુ હતુ જો કે એ વાત સાચી છે કે તેમણે ગુજરાતમાંથી પોતાનુ નામ કાઢી નાખ્યુ છે અને તેઓ પટનાના મતદાર બન્યા છે. પરંતુ ૫ વરસ થયા નથી કે તેઓ પટનાના મતદાર બન્યા છે. અહીં મતદાન પૂર્ણ થયા બાદ તેઓ બીજે કયાંકના મતદાર બનશે. તેજસ્વી યાદવે કહ્યુ કે એસઆઈઆર ના નામે બેઈમાની થઈ રહી છે. જેમના નામ કાઢી નાખવામાં આવ્યા છે. તેમને અપીલ કરવાની તક કયારે મળશે ? હાલમાં ૬૫ લાખ નામ કાઢી નાખવામાં આવ્યા છે, પરંતુ જે લોકો દસ્તાવેજો આપી શકશે નહી તેમના માટે આ સંખ્યા વધુ વધી શકે છે. અમે ૧૭ ઓગસ્ટ થી મતદાર અધિકાર યાત્રા પર જઈ રહ્યા છીએ. અમે ગઠબંધન ભાગીદારો સાથે બેસીને ચુંટણીનો બહિષ્કાર કરવો કે નહી તે અંગે ચર્ચા કરીશુ, તેજસ્વીએ કહ્યુ કે ભાજપના લોકોના નામ ઉમેરવામાં આવી રહ્યા છે એવુ લાગે છે કે બુધ પહેલેથી જ નકકી થઈ ગયુ છે. ચુંટણીપંચ કેમ ડરી રહ્યુ છે ? તે વિપક્ષની શંકાઓનુ નિરાકરણ કેમ નથી કરી રહ્યું ?

# હિંમતનગર-ખેડબ્રહ્મા નવી બ્રોડગેજ રેલવે લાઈન પર રેલવે સુરક્ષા કમિશનર દ્વારા નિરીક્ષણ : સામાન્ય જનતાને રેલવે ટ્રેકથી દૂર રહેવા અપીલ

પશ્ચિમ રેલ્વે,અમદાવાદ મંડળના હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ હેઠળ નવનિર્મિત બ્રોડગેજ લાઈનનું નિરીક્ષણ ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ રેલવે સુરક્ષા કમિશનર (CRS) દ્વારા કરવામાં આવશે.

નિરીક્ષણ દરમિયાન, આ સેક્સન પર ટ્રેનો તીવ્ર ગતિથી ચલાવવામાં આવશે. તેથી, આમ જનતાને ખાસ વિનંતી કરવામાં આવે છે કે તેમની સુરક્ષા માટે રેલવે ટ્રેક અને તેની આસપાસના વિસ્તારોથી દૂર રહે.

આ પ્રોજેક્ટ તબક્કાવાર શરૂ કરવાનો પ્રસ્તાવ છેઃ

- હિંમતનગર થી ઈડર (૩૧ કિમી) - વર્તમાન તબક્કામાં ખોલવાનું લક્ષ્ય
- ઈડરથી ખેડબ્રહ્મા (૨૩.૮૩ કિમી) – સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ખોલવાનું લક્ષ્ય

“આ પરિવર્તન ફક્ત ગેજમાં સુધારો નથી; તે સાબરકાંઠા પ્રદેશ માટે કનેક્ટિવિટી, અવસર અને વિકાસની ક્ષમતામાં પણ સુધારો છે." આ નિરીક્ષણ પછી, અંતિમ મંજૂરી મળ્યા પછી, આ રેલ ખંડ પર નિયમિત ટ્રેન સેવાઓ શરૂ કરવામાં આવશે. આનાથી અસારવાથી ખેડબ્રહ્મા સુધી સીધી રેલ કનેક્ટિવિટી શક્ય બનશે, જેનો સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતના મુસાફરોને મોટો ફાયદો થશે.

આ ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ દ્વારા, આદિવાસી અને ગ્રામીણ વિસ્તારો સહિત ઉત્તર ગુજરાતના લોકોને હવે વધુ સારી, ઝડપી અને સુરક્ષિત રેલ સેવા મળશે. આ માર્ગ પર અદ્યતન માળખાગત સુવિધાઓ અને આધુનિક સલામતી ધોરણો અપનાવવામાં આવ્યા છે, જે મુસાફરોની મુસાફરીને વધુ આરામદાયક અને સલામત બનાવશે.




# આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને પડતી અગવડતાને લઈ વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીએ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં યુનિર્વસિટી ફાળવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લખ્યો પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના આદિવાસી વિદ્યાર્થીઓને યુનિર્વસિટીમાં અભ્યાસ માટે દુર દુર ૨૦૦ કિ.મી. જવુ પડતુ હોય જેથી આદિવાસી વિદ્યાર્થીઓને અગવડતા ન પડે તે માટે યુનિર્વસિટી ફાળવવાની વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીએ મુખ્યમંત્રીને પત્ર લખી માંગણી કરી છે.






વિપક્ષ નેતા ડો.તુષાર ચૌધરીએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી જણાવ્યુ છે કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટીની સ્થાપના વર્ષ ૧૯૮૬ માં ખુબ જ ઓછી કોલેજો અને સુવિધાઓથી થઈ હતી. આજે મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૮૫૦ ઉપરાંતની ગ્રાન્ટ ઈન એઈડ, સરકારી અને પ્રાઈવેટ કોલેજો યુનિર્વસિટી સાથે સંલગ્ન છે. જેનાથી યુનિર્વસિટીમાં વહીવટી મુશ્કેલીઓ અનુભવાય છે.

યુનિર્વસિટી પરીક્ષાના પરીણામો નિર્ધારીત સમય મર્યાદામાં આપી શકતી નથી. જેથી વિદ્યાર્થીઓને આગળ ઉચ્ચ અભ્યાસ માટે અન્ય યુનિર્વસિટીઓમાં પ્રવેશ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એન.ઈ.પી. ૨૦૨૦ ની ગાઈડ લાઈન અનુસાર ઈન્ટર ડિસિપ્લિનરી કોર્સ, રીસર્ચ સેન્ટર વગેરે યુનિર્વસિટીમાં જ શકય હોય છે. પાટણ ખાતે આવવા જવામાં મેઘરજ, શામળાજી અને ભિલોડાના આદિવાસી પટ્ટાના આર્થિક પછાત વિદ્યાર્થીઓને લગભગ એક તરફનુ અંતર ગણીએ તો ૨૦૦ કિ.મી. ઉપરાંત થઈ જાય છે. સવાર થી નિકળી કામ પુર્ણ થાય કે ના થાય સાંજ પડી જતી હોય ઘેર પાછા ફરવુ મુશ્કેલ થઈ જાય છે.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાને નવી યુનિર્વસિટી ફાળવવામાં આવે તો વહિવટી સરળતા રહે, યુનિર્વસિટી પરીક્ષાના પરીણામો નિર્ધારીત સમયે જાહેર થાય, દુરના વિદ્યાર્થીઓના ધકકા ટળી જાય અને રીસર્ચને પ્રોત્સાહન મળે તે માટે સરકારને યોગ્ય રજુઆત કરવા મારી સમક્ષ થયેલ રજુઆતને લઈ સદર બાબતે વિદ્યાર્થીઓના હિતમાં યોગ્ય નિર્ણય કરી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાને નવી યુનિર્વસિટી મળે તે માટે જરૂરી કાર્યવાહી સત્વરે કરાવવા માટે વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીએ મુખ્યમંત્રી ને પત્ર લખી જાણ કરી છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના વાગ્યા ભણકારા : પંચાયત વિભાગ અને ચુંટણીપંચે તડામાર તૈયારીઓ કરી શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણી અગાઉ સત્તાધારી પક્ષ અને વિપક્ષ માટે સેમીફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ચાલુ વર્ષના અંતમાં યોજાઈ શકે છે. પંચાયત વિભાગ અને ચુંટણીપંચે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. ૧૭ મહાનગર પાલિકા, ૧૪૯ નગરપાલિકા અને ૩૩ જિલ્લા પંચાયતની ચુંટણીની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. ૩૩ જિલ્લા પંચાયતમાંથી ૧૭ અને ૯૭ તાલુકા પંચાયત માટે નોટીફીકેશન જાહેર કરી દેવામાં આવ્યા છે. રાજયમાં પ્રથમવાર ૨૭ ટકા ઓબીસી અનામત સાથે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ યોજાનાર છે. જેથી પંચાયત વિભાગે



નવેસરથી બેઠક અને અનામત ફાળવણી કરી રાજય ચુંટણી આયોગને જિલ્લા અને તાલુકા પંચાયતોના નોટીફીકેશન સોંપ્યા છે. નવેસરથી અનામતને આધારે થયેલી બેઠકોની ફાળવણીમાં આદિવાસી બાહુલ્ય ધરાવતા પેસા એકટ હેઠળ રહેલા જિલ્લામાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને ઓબીસી વર્ગો માટે અનામતનુ ધોરણ ૫૦ ટકાથી વધારે રહ્યુ છે. પેસા એકટનો અમલ ધરાવતા ડાંગ, નર્મદા અને તાપીમાં એકપણ બેઠક સામાન્ય રહેશે નહી, ૩ પૈકી ડાંગમાં માત્ર એક જ બેઠક એસસી અનામત છે. જયારે બાકીની તમામ ૧૭ બેઠક એસટી રીઝર્વ રહેશે. તો હવે સૌરાષ્ટ્રના બોટાદ અને જામનગર જેવા જિલ્લામાં પણ હવે એસટી માટે એક એક બેઠક અનામત રહેશે. તો ચાલુ વરસે ગુજરાતની એક સાથે ૯ નગરપાલિકાને મહાનગરપાલિકાનો સરકારે દરજજો આપી દીધો છે. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર બન્યુ કે એક સાથે આટલી પાલિકાને મનપાનો દરજજો મળ્યો હોય. નવા વર્ષના પ્રથમ દિવસે જ સરકારે આ જાહેરાત કરી હતી. ગુજરાતમાં અગાઉ ૮ પાલિકા મહાપાલિકા હતી, હવે તેની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. નવી મનપાઓમાં ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકની શકયતા સેવાઈ રહી છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે. વિધાનસભાની ચુંટણી પહેલા સત્તાધારી પક્ષ અને વિપક્ષ માટે સેમીફાઈનલ સમાન સ્થાનિક સ્વરાજયની ચુંટણી આવનાર થોડા જ મહિનાઓમાં યોજાઈ શકે છે. કારણ કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે આવનારા એક મહિનામાં સીમાંકનની પ્રક્રિયા શરૂ થવા જઈ રહી છે. ગાંધીનગર સ્થિત ટોચના સુત્રોએ આપેલી માહિતી મુજબ જે નગર પાલિકાઓ, મહાનગરપાલિકાઓ , તાલુકા કે જિલ્લા પંચાયતની ચુંટણી આગામી ૬ મહિનામાં આવવાની છે તે પહેલા જ સીમાંકન પ્રકીયા પુર્ણ થાય તેવી શકયતાઓ છે.

### હર ઘર તિરંગા અભિયાન

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ : શહેર દેશભકિતના રંગે રંગાયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. કેશવ કોમ્પલેક્ષ કેનાલ રીવરફ્રન્ટ ખાતે થી શરૂ થયેલી આ વિશાળ તિરંગા યાત્રાને સાંસદ અને ધારાસભ્યએ વંદે માતરમ, ભારત માતા કી જય ના નારાઓ સાથે તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યુ હતું. આ પ્રસંગે સાંસદે જણાવ્યુ હતુ કે શહીદોએ દેશની આઝાદી માટે પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા છે. તેમનુ બલીદાન આપણુ ગૌરવ છે,



તિરંગા યાત્રા તેમના સ્મરણને નમન કરવાનો અને રાષ્ટ્રીય એકતા, ભાઈચારો, તથા દેશપ્રેમનો સંદેશ ફેલાવવાનો પવિત્ર અવસર છે. તિરંગાની શાન જાળવવી એ આપણુ કર્તવ્ય છે. આ યાત્રામાં શહેરના અનેક લોકો હર્ષોલ્લાસ સાથે સામેલ થયા હતા. હાથમાં તિરંગા સાથે ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના નારાઓથી સમગ્ર વાતાવરણને દેશભકિતના રંગથી રંગી દીધુ હતું. દેશભકિતના ગીતો દ્વારા દરેક નગરવાસીઓના દિલમાં દેશભકિત જાગૃત કરવાનો સુંદર પ્રયાસ આ યાત્રા દ્વારા કરવામાં આવ્યો હતો. આ તિરંગા યાત્રા હિંમતનગર ખાતેના કેશવ કોમ્પલેક્ષ કેનાલ રીવરફ્રન્ટથી મહાવીરનગર ચાર રસ્તા થઈ છાપરીયા ચાર રસ્તા, ખેડ તસીયા રોડ, રામેશ્વર મંદિર થઈ, મોતીપુરા ગાંધી સર્કલ ખાતે સમાપન થઈ હતી. આ તિરંગા યાત્રામાં કલેકટર લલીત નારાયણ સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડા વિજય પટેલ, નિવાસી અધિક કલેકટર કે.એ. વાઘેલા, હિંમતનગર પ્રાંત અધિકારી, નગરપાલિકા ચીફ ઓફીસર ગઢવી, પાલિકા પ્રમુખ, જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, મહેન્દ્રસિંહ બારૈયા, કૌશલ્યાકુંવરબા, સહીત મોટી સંખ્યામાં નાગરીકો, વિદ્યાર્થી મિત્રો, સામાજિક આગેવાનો તથા સરકારી કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ચૈતર વસાવાની મુશ્કેલીમાં વધારો : હજુ પણ વસાવાને ૧૫ દિવસ જેલમાં રહેવુ પડશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં અત્યારે ચૈતર વસાવાનો મુદ્દો ખુબ જ ચર્ચાનો વિષય રહ્યો છે. ડેડીયાપાડામાં બેઠક દરમિયાન જે બબાલ થઈ અને તેમાં ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી છે. ગઈ તા. ૫ જુલાઈ થી ચૈતર વસાવા જેલમાં બંધ છે. જે બાદ સતત તેમના પરીવાર સહિત સમર્થકો તેમને



છોડાવવા સતત પ્રયાસો કરી રહ્યા છે અને દરેક જગ્યાએ તેઓને કોઈને કોઈ રીતે રજુઆતો કરી રહ્યા છે.

પરંતુ હવે કયાંક ચૈતર વસાવાને જામીન મામલે મુશ્કેલીમાં વધારો થયો હોય તેવુ લાગી રહ્યુ છે. કારણ કે સેશન્સ કોર્ટમાં તેમના જામીન નામંજુર કરવામાં આવ્યા હતા. જે બાદ તેમણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી હવે જામીન અરજી મામલે આજે બુધવારે સુનાવણી હાથ ધરવામાં આવનાર હતી. પરંતુ હવે જામીન અરજીમાં સરકારી વકીલ બદલવાની માંગ થઈ છે. જેના કારણે વધુ એક મુદત પડી છે. જામીન અરજી પર સુનાવણી હવે આગામી ૨૮ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. એટલે કે હજુ ચૈતર વસાવાને ૧૫ દિવસ જેલમાં રહેવુ પડશે.

# ગાંધીનગરમાં કોર્ટે પોકસોના આરોપીને ૨૦ વરસની સજા સંભળાવતા કઠગરો કુદીને ભાગ્યો: પોલીસ તંત્ર દોડતુ થયું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરમાં આજે બુધવારે પોકસોના આરોપીને જજે ૨૦ વરસની કેદની સજા સંભળાવતા જ કઠગરો કુદીને આરોપી નાસી છુટયો હતો. જેને પકડવા માટે પોલીસતંત્ર માં દોડધામ મચી જવા પામી હતી. ગાંધીનગર ની સ્પેશયલ કોર્ટમાં આ ઘટના બની હતી. આરોપી મુળ દાહોદનો હોવાનુ જાણવા મળ્યુ છે. આરોપી કોર્ટ બહાર ભાગી છુટયો હતો. આરોપી મુળ ધોળાકુવા ખાતે મજુરી કરતો હતો. રામસિંહ




નામનો આરોપીએ કામના સ્થળે સગીર યુવતિ સાથે અડપલા કર્યા હતા. જેમાં ગાંધીનગર કોર્ટમાં સ્પેશયલ પોકસો કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. આજે બુધવારે ૧:૩૦ વાગ્યાના સમય દરમિયાન તેને જજ દ્વારા ૨૦ વરસની સજા ફટકારવામાં આવી હતી અને સજા સાંભળીને જ તે કોર્ટનો કઠગરો કુદીને ભાગી ગયો હતો. આરોપીને પકડવા પોલીસ પણ પાછળ દોડી હતી. પરંતુ તે કોર્ટ બહાર ભાગી છુટયો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્ટેમ્બર મહિનામાં એક આરોપી હથિયાર સાથે ગાંધીનગર કોર્ટ કેમ્પસમાં ઘુસી ગયો હતો. ત્યારબાદ ગાંધીનગરમાં પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો હતો હાલમાં ગાંધીનગર કોર્ટમાં બંને ગેટ ઉપર પોલીસ બંદોબસ્ત રહે છે જેમાં એક પોલીસ સબ ઈન્સ્પેકટર સાથે અન્ય પોલીસ કર્મીઓ કોર્ટ સંકુલની સુરક્ષા કરે છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. ૨૪ મી એ ગુજરાતના બે દિવસના પ્રવાસે : વડાપ્રધાન ૨૪ મી એ માદરે વતન વડનગરની મુલાકાત બાદ બેચરાજીની મુલાકાત લેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. ૨૪ ઓગસ્ટ ના રોજ બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. વડાપ્રધાન મોદી આગામી તા. ૨૪-૨૫ ઓગસ્ટે વડનગર અને બેચરાજીની મુલાકાત લેશે. મળતા અહેવાલ પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજભવન રાત્રી રોકાણ કરશે તે દરમિયાન રાજકીય બેઠકો યોજશે તેવી પણ શકયતાઓ છે. ગુજરાતની મુલાકાતના પ્રથમ દિવસે વડનગરમાં વડાપ્રધાન મોદી મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ નુ ઉદ્દઘાટન કરશે. જે મુસાફરો માટે આધુનિક અને સુવિધાસભર મુસાફરીના વિકલ્પો ઉપલબ્ધ કરાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ હબ વડનગર અને આજુબાજુના વિસ્તારોમાં પરીવહનને વધુ સરળ અને ઝડપી બનાવશે. ગુજરાત મુલાકાતના બીજા દિવસે બેચરાજી મુલાકાત લેવાના છે.

મળતા અહેવાલો પ્રમાણે વડાપ્રધાન મોદી બેચરાજી ખાતે મારૂતિ સુઝુકીના નવા પ્લાન્ટનુ ઉદ્દઘાટન કરશે. આ પ્લાન્ટથી રોજગારીની તકોમાં વધારો થશે અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ગુજરાતનુ સ્થાન વધુ મજબુત બનશે.




### ગરવી ગુજરાત અહેવાલની અસર

# સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખને જ ખબર નથી : પ્રાંતિજમાં પ્રમુખ જિલ્લા પંચાયત માટે સરકાર દ્વારા જગ્યા ફાળવાઈ છે

## આર એન્ડ બી વિભાગ પાસે પત્ર લખી ખુલાસો માંગવામાં આવશે : મહેન્દ્રભાઈ પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં નકલી કચેરી, નકલી અધિકારીઓ અને કર્મચારીઓની બોલબાલા વધી રહી છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ માટે સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવી છે. આ જમીન સાબરકાંઠાના સર્વે નં.૨૧૪૮ ના રેકર્ડ સાથે સરકારી ચોપડે બોલી રહી છે. આ જમીનના કંપાઉન્ડની બહાર રીતસર બોર્ડ લગાડવામાં આવેલ છે. જેમાં સ્પષ્ટ લખાણ કરેલુ છે કે આથી જાહેર જનતાને જણાવવાનું કે મોજે તા.પ્રાંતિજ સાબરકાંઠા ના સર્વે નં. ૨૧૪૮ વાળી જગ્યા પ્રમુખશ્રી સાબરકાંઠા જિલ્લા પંચાયતની માલીકીની હોય તેમાં કોઈએ કોઈપણ પ્રકારનુ દબાણ અથવા ગેરકાયદેસર પ્રવેશ કરવો નહી, પ્રમુખ શ્રી સાબરકાંઠા જિલ્લા પંચાયતના હુકમથી આવુ સ્પષ્ટ લખાણ કરેલ બોર્ડ લગાડવામાં આવેલ છે. આ જગ્યા ઉપર નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ મકાન વિભાગ પંચાયતની કચેરી બનાવવામાં આવી છે. જેમાં કચેરીનુ બોર્ડ લગાવવામાં આવ્યુ નથી, આ અંગેના સમાચારો ગઈ કાલે ગરવી ગુજરાત અખબારમાં પ્રસિધ્ધ થતા ખુદ જિલ્લા પંચાયતના પ્રમુખ ના પતિ શ્રી મહેન્દ્રભાઈ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં શરૂઆતમાં હિંમતનગર સહકારી જીન નજીકની જમીનની વાત કર્યા બાદ ઉંડાણપૂર્વક પુછવામાં આવતા મહેન્દ્રભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ જગ્યાની અમોને ખબર નથી, હવેથી આપના મીડીયાના માધ્યમથી હું આર એન્ડ બી વિભાગને પત્ર લખી ખુલાસો માંગીશ, ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે આ કચેરીનુ લોકાર્પણ કોને કર્યુ ? કચેરીની બહાર બોર્ડ ન લગાડવા પાછળનુ કારણ શું ? આમ આ કચેરી હવે વિવાદમાં આવતા વિરોધપક્ષના




નેતા ડો.તુષાર ચૌધરી દ્વારા પણ તપાસની માંગ કરાય તો નવાઈ નહી.

# પોરબંદર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ધ્વજ વંદન સમારોહ યોજાશે

## રાજય સરકારના મંત્રીઓને અલગ અલગ જિલ્લાઓમાં ધ્વજ વંદનને લઈ કાર્યક્રમ નકકી કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના સ્વાતંત્ર પર્વ ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૫ ની રાજય કક્ષાની ઉજવણી પોરબંદર ખાતે કરવામાં આવશે, ૧૫ મી ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને પોરબંદર ખાતે ધ્વજવંદન સમારોહ યોજાશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી મહેસાણા ખાતે તથા મંત્રી મંડળ ના સભ્યો અને કલેકટર વિવિધ જિલ્લા મથકોએ ધ્વજ વંદન કરાવશે. રાજયના વિવિધ જિલ્લા મથકોએ ધ્વજવંદન કરાવનારા મંત્રીઓમાં (૧) મંત્રી કનુભાઈ દેસાઈ- નવસારી (૨) મંત્રી ઋષીકેશ પટેલ-સાબરકાંઠા (૩) મંત્રી રાઘવજી પટેલ-જામનગર (૪) મંત્રી બલવંતસિંહ રાજપુત-વલસાડ (૫) મંત્રી કુંવરજી બાવળીયા-ગીર સોમનાથ (૬) મંત્રી મુળુભાઈ બેરા-દ્વારક (૭) મંત્રી કુબેર ડીંડોર-પંચમહાલ (૮) મંત્રી ભાનુબેન બાબરીયા-રાજકોટ (૯) નાયબ અધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ-મહિસાગર (૧૦) મંત્રી હર્ષ સંઘવી-ગાંધીનગર (૧૧) મંત્રી જગદીશ વિશ્વકર્મા-મોરબી (૧૨) મંત્રી મુકેશ પટેલ-ભરૂચ (૧૩) મંત્રી ભીખુસિંહ પરમાર-ખેડા (૧૪) મંત્રી કુંવરજીભા હળપતિ-તાપી. આ ઉપરાંતના જિલ્લાઓમાં કલેકટરના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન સમારોહ યોજાશે. જો કે મનરેગા કૌભાંડમાં નામ આવ્યા બાદ મંત્રી બચુ ખાબડની સતત સરકારી કાર્યક્રમોમાંથી બાદબાકી કરવામાં આવી છે. ધ્વજ વંદન કાર્યક્રમમાં પણ તેમનુ નામ નથી.



# વરસાદ ખેંચાતા રાજયમાં કૃષિ વીજ માંગ ચાર ઘણી વધી: વીજ વપરાશ ૨ કરોડ યુનિટથી વધી ૮.૮ કરોડ થયો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ચાલુ ચોમાસુ સીઝનમાં સાર્વત્રિક વરસાદના પરીણામે ૧૧ ઓગસ્ટ ૨૦૨૫ ની સ્થિતિએ સરેરાશ ૬૪ ટકા થી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૬૮.૭૯ ટકાથી વધુ વરસાદ દક્ષિણ રીજીયન માં, જયારે પૂર્વ-મધ્ય માં ૬૬.૫૪ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૬.૨૧ ટકા, કચ્છમાં ૬૫.૧૩ ટકા જયારે સૌરાષ્ટ્રમાં ૫૬.૩૧ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે. જો હવે વરસાદ ખેંચાશે તો પાણીની સ્થિતિ વિકટ બને તેવા એંધાણ સર્જાય તેવી શકયતાઓ છે.



તો બીજી તરફ વરસાદ ખેંચાતા ગરમી અને બફારાનુ પ્રમાણ વધ્યુ હોવાથી રાજયમાં વીજ માંગ પણ વધી છે. વરસાદ ખેંચાવવાને કારણે રાજયમાં ગરમી અને બફારાનુ પ્રમાણ વધ્યુ છે. જેના કારણે રાજયમાં વીજ માંગ માં વધારો થયો છે. વરસાદ ખેંચાતા ખેડુતોને પાણી માટે કેનાલ અને બોર ના ભરોસે ખેતી કરવી પડે છે. જેથી કૃષિ વીજ માંગ પણ ચાર ઘણી વધી ગઈ છે. રાજયમાં વીજ વપરાશ ૨ કરોડ યુનિટથી વધીને ૮.૮ કરોડ થયો છે. રહેણાંક વિસ્તારમાં ૧૨ કરોડ વીજ યુનિટનો વપરાશ થઈ રહ્યો છે. રાજય સરકારે તાજેતરમાં રાજયમાં ઓછો વરસાદ થયો હોય તે વિસ્તારોમાં વિજળી આપવાનો સમય વધાર્યો છે. ખેડુતોની માંગને આધારે સરકારે ૧૦ કલાક વિજળી આપવાની જાહેરાત કરી હતી. જેના કારણે વીજ વપરાશ વધ્યો છે. કૃષિમાં વીજ વપરાશ ૨ કરોડ યુનિટથી વધીને ૮.૮ કરોડ થયો છે. જો વરસાદ ખેંચાશે તો વીજ માંગ માં હજુ વધારો થાય તેવી શકયતાઓ છે.

# સૌરાષ્ટ્ર બાદ હવે મહેસાણા જિલ્લાના ખેડુતોને મળશે ૮ કલાકને બદલે ૧૦ કલાક વિજળી

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આજે બુધવારે ગાંધીનગર ખાતે રાજય મંત્રી મંડળની બેઠક મળી હતી.

આ બેઠકમાં વિજળી સંદર્ભે લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે ગત કેબિનેટ બ્રિફીંગમાં સૌરાષ્ટ્રના ખેડુતોને ૮ મી જગ્યાએ ૧૦ કલાક વિજળી આપવાનો હેતુલક્ષી નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત તા. ૯ ઓગસ્ટ ૨૦૨૫ થી સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેતીવાડી વીજ પુરવઠો ૮ કલાકથી વધારી ૧૦ કલાક આપવાની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. જેના પરીણામે ખેતીવાડી વીજ વપરાશ દૈનિક ૪.૪ કરોડ યુનિટથી વધીને ૫.૨ કરોડ યુનિટ જેટલો થયો છે. આ ખેડુતલક્ષી નિર્ણય થી અંદાજે ૧૨ લાખ ખેતીવાડી કૃષિ વીજ જોડાણોને લાભ મળી રહ્યો છે. વધુમાં પ્રવકતા મંત્રીએ કહ્યુ હતુ કે આગામી તા. ૧૪ ઓગસ્ટથી મહેસાણા જિલ્લામાં પણ ખેતીવાડી વીજ પુરવઠો ૮ કલાકથી વધારીને ૧૦ કલાક આપવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ નિર્ણયથી મહેસાણા જિલ્લાના આશરે ૪૩ હજાર ખેતીવાડી કૃષિ વીજ જોડાણોને લાભ મળશે. રાજયમાં કૃષિ વાવેતરની સ્થિતિ અંગે પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે રાજયમાં છેલ્લા ૩ વરસની સરેરાશમાં, ચાલુ વરસે અત્યાર સુધીમાં ૮૫.૫૭ લાખ હેકટર નોર્મલ વાવેતર વિસ્તારની સામે કુલ ૭૪.૮૫ લાખ હેકટર એટલે કે ૮૭.૪૮ ટકામાં કૃષિ પાકોનુ વાવેતર થયુ છે. જેમાં તેલીબીયા પાકનુ વાવેતર ૨૬.૯૪ લાખ હેકટર વિસ્તારમાં, મગફળીનુ ૨૦.૫૪ લાખ હેકટરમાં, કપાસનુ ૨૦.૫૮ લાખ હેકટરમાં, ધાન્ય પાકનુ ૧૨.૮૮ લાખ હેકટરમાં, ડાંગરનુ ૮.૪૪ લાખ હેકટરમાં મકાઈનુ ૨.૭૨ લાખ હેકટરમાં કઠોળ પાકનુ ૩.૪૮ લાખ હેકટરમાં તેમજ ઘાસચારાનુ વાવેતર ૮.૦૨ લાખ હેકટરમાં કરવામાં આવ્યુ છે. આમ ખરીફ ઋતુમાં હાલની સ્થિતિએ કૃષિપાકોનુ ખુબ જ સારૂ વાવેતર નોંધાયેલ છે.